PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com** ઈ–મેઈલ :– **forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૧/૧૬–૧૭/ 9025 તા. 30/09/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
એરા મેચાટ્રોનીકસ પ્રાઈવેટ લીમીટેડ,
પટેલ એસ્ટેટ,
મોરબી રાજકોટ હાઈવે,
વિરપર ગામ ની નજીક,
મોરબી–૩૬૩ ૬૪૧
મો: ૯૯૦૯૯૦૮૮૭૦

વિષય :–ઈલેટ્રીસીટી ડયુટી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૮/કવા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં:- 04)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ટંકારા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૮/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૯–૦૬–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: એરા મેકાટ્રોનીક્સ પ્રાઈવેટ લીમીટેડ,ગામ: વીરપર,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે, આર.એમ. બાવરવા હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ટંકારા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર : પી.એન.શેઠ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી

---

## : હુકમ :

**ફરીયાદ : ઈલેટ્રીસીટી ડયુટી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ૨૧ કીવો ના વીજભાર વાળા એલ.ટી. વીજજોડાણ નં.: ૩૪૬૧૪/૦૦૭૧૦/૪ મા, જે ગેસીફાયર મશીનરી ના સ્પેરપાર્ટસ બનાવતુ, ઉત્પાદકીય હેતુ વાળુ –ઓદ્યોગીક હેતુ વાળુ – એકમ છે. અને તા.૨૮–૧૨–૧૧ થી ૨૦ કીવો ના વીજભાર હેઠળ, ઓદ્યોગીક હેતુ માટે ના વીજવપરાશ હેઠળ ચાલુ છે. આમ, આ જોડાણ, જે ઓદ્યોગીક -- ઉત્પાદકીય હેતુ વાળુ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, આ જોડાણ ને ઓદ્યોગીક હેતુ વપરાશી વીજજોડાણ ને બદલે, વાણીજયક હેતુ વપરાશી વીજજોડાણ હેઠળ આવરી લઈ અને ઓદ્યોગીક હેતુ ને બદલે વાણીજયક ટેરીફ હેઠળ, વીજબીલીંગ, જે પ્રથમ થી જ એટલેકે તા.૨૮–૧૨–૧૧ થી કરવામા આવે છે. અરજદાર જણાવે છે કે, ઓદ્યોગીક -- ઉત્પાદકીય હેતુ વાળા જોડાણ ના વીજકર ની વસુલાત નો દર, જે ૧૦% લેખે સરકાર શ્રી ના પરીપત્ર નં.: ડી–૧/પ.કા.વહીવટ/૨૦૦૭/૨૩૫૪૬, તા.૦૫–૦૯–૨૦૦૭ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, નિયમીત વીજબીલીગ મારફત, પીજીવીસીએલ દ્રારા કરવાનો રહેતો હોવા છતા, પીજીવીસીએલ તરફથી, આ જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી, વીજકર ના દર ની ગણતરી ૧૦ % બદલે ૨૫% મુજબ પીજીવીસીએલ તરફથી વીજબીલીગ થયેલ છે. સામાન્ય રીતે, સરકાર શ્રી ના આદેશાત્મક પરીપત્ર મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ તરફથી આપોઆપ, ઉત્પાદકીય ઓદ્યોગીક પ્રકાર ના વીજ જોડાણો મા, વીજકર ના દર ની વસુલાત ની નોંધ, જે ૧૦% ની ગણતરીએ, સદર જોડાણ ના બીલીગ ખાતામા, પીજીવીસીએલ મારફત કરવાની બાબત નિયમાધીન હોવા છતા, પીજીવીસીએલ તરફથી, આ મુજબ ની નોંધ, તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી ન થવાના કારણોસર, તેમના સદર જોડાણ મા, તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી ૧૦ % ને બદલે ૨૫% મુજબ ની, એટલેકે ૧૫% ની ગણતરીએ વધારા ની વીજકર ની રકમ વસુલ થયેલ છે. જે રકમ તેઓને નિયમાધીન રીફંડ મળવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | વિશેષ મા, અરજદાર ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મોખીક ચર્ચા તેમજ તેમના તા.૧૭–૦૭–૧૬ ના લેખીત પત્ર મારફત, ફોરમ કમિટી ને સ્પષ્ટતા પૂર્વક જણાવે છે કે, તેમના સદર ઓદ્યોગીક વીજજોડાણ મા થયેલ સદર વીજકર ની વધારાની રકમ ની વસુલાત બાબતે, અગાઉ જોડાણ ચાલુ થયા તારીખ: ૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી, આ બાબતે ની સક્ષમ એવી વીજકર કલેકટર કચેરી ગાંધીનગર સમક્ષ કોઈ લેખીત રજુઆત / ફરીયાદ તેઓ શ્રી એ લેખીત અરજી ના રૂપ મા કરેલ નથી. તેમજ, તા.૨૮–૧૨–૧૧ પછી ના આશરે – સાડા ચાર વર્ષ પછી, એટલેકે તા:૦૩–૦૫–૧૬ ના રોજ સદર બાબતે ની, લેખીત ફરીયાદ / રજુઆત અરજી, જે પીજીવીસીએલ ની સબંઘક એવી ટંકારા પેટા વિભાગીય કચેરી મા નોંધાવેલ હતી. આ ફરીયાદ અરજી સાથે, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી મેળવેલ, ઉત્પાદકીય એકમ સબબ નુ સર્ટીફીકેટ પણ રજુ કરેલ હોવા છતા, પીજીવીસીએલ ની સબંઘક ટંકારા પેટા વિભાગીય કચેરી તરફથી, તેઓ શ્રી ની સદર અરજી પરત્વે કોઈ કાર્યવાહી ન થવાના કારણોસર, આખરે અરજદારે, ફોરમ સમક્ષ સવાલવાળી તા.૧૩–૦૬–૧૬ ની અરજી રજુ કરી, અને તેમના સદર ઓદ્યોગીક વીજજોડાણ મા અગાઉ ના સમયગાળા મા વસુલ થયેલ વધારાના વીજકર ની રકમ, પરત મેળવવા માટે, અરજદારે ફોરમ સમક્ષ ન્યાયિક રીતે યોગ્ય કરવાની વિનંતી કરેલ છે. |

## મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

**૨.૧** ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર મેસર્સ એરા મેકાટ્રોનીક્સ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા, ૨૦ કીવો ના વીજભાર વાળુ નવુ જોડાણ મેળવવા માટે ની, નિયત અરજીફોર્મ (એ–૧ ફોર્મ) સાથે ના તમામ દસ્તાવેજીક પેપર્સ રજુ કરી અને, રોજ રૂ.૪૦૦/– નોંધણીચાર્જે ભરપાઈ કરીને પીજીવીસીએલ ની સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા તા.૧૨–૦૭–૧૧ ના રોજ અરજી નોંધાવેલ હતી. સદર અરજી ના નિયત એવા અરજીફોર્મ (એ–૧ ફોર્મ) મા, અરજદારે તેમના સદર નવા – ૨૦ કીવો ના વીજભાર વાળા – થ્રી ફેઇઝ જોડાણ નો ચોકક્સ આઈટમ / વસ્તુ ના ઉત્પાદન થવા સબંધક – જીલ્લા ઓર્દ્યોગીક કેન્દ્ર રાજકોટ નુ સર્ટીફીકેટ જોડેલ ન હતુ. જયારે, '' નિયત અરજીફોર્મ (એ–૧ ફોર્મ) '' મા થ્રી ફેઇઝ ઈન્ડસ્ટ્રીઝ કનેકશન – સીરામીક્સ મશીનરી મુજબ ની માત્ર વિગત લખી અને અરજી રજુ કરેલ હતી. પીજીવીસીએલ તરફથી સદર અરજી મંજુરી ની તમામ નિયમાધીન પ્રક્રીયા પૂર્ણ કરીને, અરજદાર ના માંગણી મુજબ ના સ્થળ પર, તા.૨૮–૧૨–૧૧ ના રોજ, મેસર્સ એરા મેકાટ્રોનીક્સ પ્રાઈવેટ લીમીટેડ ના નામનુ, ૨૦ કીવો ના વીજભાર વાળુ જોડાણ ચાલુ કરાયેલ હતુ. આમ,અરજદાર તરફથી, જોડાણ નો મુખ્ય હેતુ અસ્પષ્ટ હોય આવા કારણોસર, તા.૨૮–૧૨–૧૧ ના રોજ થી, સદર જોડાણ એન.આર.જી.પી. હેઠળ, ૨૫% ના દર ની ગણતરીના વીજકર વસુલાત મુજબ, જોડાણ, ચાલુ કરાયેલ હતુ. અને તા.૨૮–૧૨–૧૧ થી, આ સમયે પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ મુજબ, તેમજ તે સમયે પ્રવર્તમાન રહેલ રાજય સરકાર શ્રી ના વીજકર કલેકટર શ્રી ગાંધીનગર ના પરીપત્ર મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, સદર જોડાણ ને '' એન.આર.જી.પી.'' ના દરજજા હેઠળ ના સરકાર શ્રી ના, વીજકર ના ૨૫% દર ની ગણતરીએ, જોડાણ નુ બીલીંગ ચાલુ થયેલ હતુ. જે, તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી, વીજકર ના ૨૫% ના દર ની ગણતરીએ ચાલુ રહેલ છે.

**૨.૨** અરજદાર શ્રી એ તેમનુ સદર જોડાણ, જે ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી, સદર વીજકર ના વધારા ના દર ની વસુલાત બાબતે ની લેખીત રજુઆત / ફરીયાદ અરજી, જે વીજકર કલેકટર શ્રી ની કચેરી ગાંધીનગર સમક્ષ નોંધાવેલ હોવા સબબ ની જાણકારી, જે પીજીવીસીએલ ને લેખીત અરજી સાથે સમર્થન આપતો પેપર જોડીને, આજદિન સુધી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા આપેલ નથી. જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ પછી ના સાડા ચાર વર્ષ બાદ, વિલંબીત સમયગાળા પછી, હાલ ના તબ્બકે, અરજદારે તા.૦૩–૦૫–૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા, સદર વધારાના વીજકર ની વસુલાત બાબતે ની લેખીત રજુઆત અરજી આપેલ છે. અને ત્યારબાદ, અરજદારે તેમના તા.૧૧–૦૫–૧૬ ના રોજ ના, પીજીવીસીએલ ની સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા, કચેરી ના આવક નંબર : ૩૨૪ થી, તેમનુ સદર જોડાણ, જે ઉત્પાદકીય – ઓર્દ્યોગીક હેતુ વાળુ હોય, ઓર્દ્યોગીક એકમ તરીકે જીલ્લા ઓર્દ્યોગીક કેન્દ્ર મા નોંધાયેલ હોય, તે મુજબ નુ, રાજકોટ જીલ્લા ઓર્દ્યોગીક કેન્દ્ર ના તા.૨૯–૦૭–૧૦ ના પ્રમાણપત્ર ની નકલ જોડી ને, અરજી નોંધાવેલ છે. અરજદાર શ્રી એ તેમની આ તા.૧૧–૦૫–૧૬ ના રોજ ની અરજી મા, તેમના જોડાણ મા વીજકર ની વસુલાત નો દર, ૨૫% ને બદલે ૧૦% ની ગણતરીએ કરવા બાબતે નો ઉલ્લેખ કરી, અને અગાઉ વસુલ થયેલ વધારાના વીજકર ની રકમ પરત મેળવવા માટે ની માંગણી પીજીવીસીએલ સમક્ષ કરેલ છે. આમ, અરજદાર શ્રી ની તા.૧૧–૦૫–૧૬ ના રોજ ની, સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા નોંધાયેલ આ અરજી સાથે રજુ થયેલ જીલ્લા ઓર્દ્યોગીક કેન્દ્ર નુ – જે સદર જોડાણ નો હેતુ, ઓર્દ્યોગીક –ઉત્પાદકીય હેતુ માટે નુ હોવાની બાબત ને સમર્થન આપતુ હોય – જેથી આ જોડાણ મા, વીજકર નો દર, ૧૦% મુજબ વસુલાત યોગ્ય હોવાની બાબત, પીજીવીસીએલ મા નિયમાધીન માન્ય રાખવા યોગ્ય હતી. પરંતુ, આ સમયે, ફરીયાદી અરજદાર શ્રી એ, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સમક્ષ ફરીયાદ અરજી દાખલ કરેલ હોય, અને આ અરજી મારફત તેઓએ, અગાઉ તા.૨૮–૧૨–૧૧ થી તા.૦૩–૦૫–૧૬ સુધી ના સમયગાળા મા, વધુ વસુલ થયેલ વીજકર ની વધારાની રકમ પરત માંગેલ હોવાના કારણોસર, અરજદાર ની સદર અરજી પરત્વે પીજીવીસીએલ કક્ષાએથી કોઈ કાર્યવાહી થયેલ ન હતી. તેમજ, અરજદાર તરફથી આ મુજબ નુ વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર નુ સર્ટીફીકેટ, પીજીવીસીએલ ની સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા રજુ થયેલ ન હોય, આવા કારણોસર, સબંધક પેટા વિભાગીય કચેરી એ અરજદાર ના સદર જોડાણ મા, વીજકર ના દર ની વસુલાત જે હાલ ના તબ્બકે, ૨૫% ની ગણતરીએ ચાલુ રાખેલ છે.

વિશેષ મા, પીજીવીસીએલ ની મોરબી વિભાગીય કચેરી હેઠળ, અગાઉ જે વીજ ગ્રાહકો ની આ મુજબ ની, વધારાના વીજકર વસુલાત બાબતે ની વિસંગતતાઓ બાબતે નો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો, તેવા વીજ ગ્રાહકો ને, '' સરકાર શ્રી નો સદર વીજકર હોય'', આ કરના દર ને મુકરર કરવાની સતા માત્ર સરકાર શ્રી ને હોય, આવા કારણોસર, રાજયસરકાર શ્રી ના વિદ્યુત વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર નુ, જે તે પ્રકાર ના હેતુઓ માટે નુ મુકરર વીજકર નુ સર્ટીફીકેટ પીજીવીસીએલ મા રજુ કરવાની જાણકારી, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી અગાઉ સબંધક વીજ ગ્રાહકો ને આપવામા આવેલ છે. આમ, સવાલવાળા વીજકર ની રકમ, જે સરકાર શ્રી ની, વીજકર હેઠળ ની આવક હોય, સદર વીજકર ની રકમ, જે સરકાર શ્રી વતી પીજીવીસીએલ દ્વારા નિયમીત વીજબીલ મારફત વસુલી, અને નિયમીત પણે સરકાર શ્રી મા જમા થતી હોય છે. આમ, સદર વીજકર ની આવક પીજીવીસીએલ ની ન હોય, સરકાર શ્રી ની હોય, સદર વીજકર ની બાબતે સરકાર શ્રી ની સબંધક વિદ્યુત વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર સક્ષમ છે. આવા કારણોસર, સરકાર શ્રી ની લેખીત પરવાનગી વગર, વીજકર ના દર મા ફેરફાર કરવાની બાબત, તેમજ અગાઉ વસુલ થયેલ વીજકર ની રકમ પરત આપવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય જણાયેલ નથી.

૨.૪ તેમ છતા, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ સરકાર શ્રી ની, વિદ્યુત વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર નો આદેશાત્મક પરીપત્ર મા નકકી કરાયેલ ધોરણ અને જોડાણ નો મુખ્ય હેતુ વગેરે ને આધિન રહીને, ફરીયાદી અરજદાર શ્રી ની, તેમના જોડાણ મા ટેરીફ દર તબ્દીલી માટે ની તા.૦૩–૦૫–૧૬ ના રોજ ની પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ થયેલ અરજી સાથે રજુ કરેલ એવુ, જોડાણ ઉત્પાદકીય એકમ હોવાને સમર્થન આપતુ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના સર્ટીફીકેટ ની નકલ મા રજુ થયેલ બાબતો ને નજર સમક્ષ રાખીને, પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી ની માંગણી મુજબ, તેમના જોડાણ ના વીજકર ના દર ની તબ્દીલી, જે ૨૫% ને બદલે, ૧૦% મુજબ, જે કચેરી મા નોંધાયેલ અરજદાર ની તા.૦૩–૦૫–૧૬ ની અરજી ની અસર થી કરી શકાય, પરંતુ, સદર જોડાણ મા અગાઉ વસુલ થયેલ વધારા ના વીજકર ના દર ની વધારા ની રકમ, જે અગાઉ સરકાર શ્રી મા જમા થઈ ચુકેલ હોય, આવી એક વખત સરકાર શ્રી મા જમા થઈ ચુકેલ રકમ, સરકાર શ્રી ની મંજુરી વગર, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને પરત આપી શકાય નહી. સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી તે મુજબ નો અભિપ્રાય રજુ થયેલ છે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

૩.૧ પીજીવીસીએલ તરફથી ફોરમ સમક્ષ રજુ થયેલ રેકર્ડ આધારીત માહીતી ની વિગતો અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને જણાયેલ છે કે , અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે ૨૦ કીવો ના વીજભાર સાથે, તા.૨૮–૧૨–૧૧ ના રોજ ચાલુ થયેલ છે. આ જોડાણ માટે ની અરજદાર શ્રી ની મુળ અરજી ના નિયત ફોર્મ (એ–૧ ફોર્મ) સાથે, તેઓ શ્રી નુ સદર જોડાણ ઉત્પાદકીય– ઓર્ધોગીક હેતુ વાળી હોવાની બાબત ને સમર્થન આપતુ, જીલ્લા ઓર્ધોગીક કેન્દ્ર રાજકોટ, અથવા તો સદર બાબત સબંધક અન્ય સરકાર શ્રી ની કચેરી / સંસ્થા નુ સર્ટીફીકેટ / દાખલો જોડેલ ન હતો. આમ, અરજદારે તેમના નવા જોડાણ નો હેતુ બીલકુલ એટલેકે એકદમ સ્પષ્ટ કરવાને બદલે, નવા જોડાણ ની અરજી ના નિયત ફોર્મ (એ–૧ ફોર્મ) મા, '' અસ્પષ્ટ વિગત સાથે – શ્રી ફેઇઝ ઇન્ડસ્ટ્રીઝ કનેકશન – સીરામીક મશીનરી'' જેવી અપુરતી વિગત સાથે નો હેતુ દર્શાવવામા આવેલ છે.

આ જોડાણ ચાલુ થયા સમયગાળા એટલેકે તા.૨૮–૧૨–૧૧ દરમ્યાન, પીજીવીસીએલ મા, નામદાર જીઈઆરસી પ્રારીત એવો '' ડીમાન્ડ બેઈઝ  ટેરીફ ઓર્ડર અમલવારી મા રહેલ હતો, જે આજદિન સુધી અમલવારી મા રહેલ છે.'' સદર ડીમાન્ડ બેઈઝ  ટેરીફ ઓર્ડર મા સુચીત થયેલ ધોરણ મુજબ, ૪૦ કીવો સુધી ના વીજભાર ઘરાવતા એકમો ને, '' એન.આર.જી.પી. '' ટેરીફ કેટેગરી હેઠળ સમાવવામા આવેલ છે. આ એન.આર.જી.પી ટેરીફ વાળા વીજજોડાણકારો, ૪૦ કીવો ના વીજભાર ને '' વાણીજય હેતુ '' તેમજ ''ઓર્દ્યોગીક હેતુ '' માટે વાપરી શકે છે. જેથી, આ મુજબ ના વીજભાર ની માંગણી કરનાર નવા વીજગ્રાહકો એ, તેમના ૪૦ કીવો સુધી ના વીજભાર નો હેતુ, '' જે – વાણીજય અથવા તો ઓર્દ્યોગીક'' – જે, સ્પષ્ટ પણે નવા જોડાણ ની નિયત અરજી (એ–૧ ફોર્મ) મા અત્યંત સ્પષ્ટ પણે દર્શાવવો જરૂરી છે, તેમજ, જોડાણ ના વાણીજય / ઓર્દ્યોગીક હેતુ ને સમર્થન આપતો કોઈપણ એક દસ્તાવેજીક પેપર્સ ( જેમકે ઓર્દ્યોગીક હેતુ વાળુ વીજજોડાણ હોય તો, સરકાર શ્રી ના જીલ્લા ઉર્દ્યોગ કેન્દ્ર નુ સર્ટીફીકેટ અથવા તો સરકાર શ્રી ની અન્ય સબંધક કચેરી નો દાખલો, અને જો વાણીજય હેતુ હોય તો, વાણીજય બાબત ને સમર્થન આપતો, વાણીજય સબંધક અથવા તો અન્ય પ્રકાર ના એકમ નો  દાખલો અથવા તો સર્ટીફીકેટ) પણ રજુ કરવો જરૂરી છે. જો,  ૪૦ કીવો સુધી નો વીજવપરાશ ધરાવનાર નવા જોડાણકાર ની અરજી મા, જો આ મુજબ નો સ્પષ્ટતા સાથે નો હેતુ થયેલ હોય તો, પીજીવીસીએલ તરફથી, નવા અરજદાર ને, ૪૦ કીવો સુધી નુ નવુ જોડાણ,  જે  ઓર્દ્યોગીક / વાણીજય હેઠળ, જે એન.આર.જી.પી બીલીંગ ટેરીફ હેઠળ, આપવામા આવે છે. અને આવા ૪૦ કીવો સુધી ના જોડાણો નો વીજકર, જે ઉત્પાદકીય ઉર્દ્યોગ હોય તો,  ૧૦% અથવા તો વાણીજયક જોડાણ હોય તો ૨૫% –મુજબ નો સરકાર શ્રી નો  વીજકર નો દર, જે પીજીવીસીએલ તરફથી મુકરર કરી અને સદર પ્રકાર ના નવા જોડાણ ના બીલીંગ ખાતામા તેની નોંધ આપવામા આવે છે. અને તે મુજબ સ્પષ્ટ થયેલ જોડાણ ના હેતુ મુજબ નો, સરકાર શ્રી દ્વારા નિયત થયેલ વીજકર નો દર, જે પીજીવીસીએલ તરફથી નિયમીત વીજબીલો મારફત વસુલ કરી, અને નિયમીત પણે સરકાર શ્રી ની કચેરી મા, સદર વીજકર ની રકમ, જે પીજીવીસીએલ તરફથી, જમા કરવામા આવે છે. જો, ૪૦ કીવો સુધી ના વીજભાર વાળા નવા જોડાણકારો, જો તેમની મુળ નવા જોડાણ ની અરજી મા, જોડાણનો  હેતુ સ્પષ્ટ પણે  ન દર્શાવી અને અસ્પષ્ટ રાખે  તો, આવા, ૪૦ કીવો ના નવા જોડાણકારો ના એકમો નુ બીલીંગ, એન.આર.જી.પી બીલીંગ ટેરીફ હેઠળ આવરી લઈ અને, આ જોડાણો મા ૨૫% ના દરે સરકાર શ્રી નો વીજકર વસુલાત કરવામા આવે છે. ફરીયાદી અરજદાર શ્રી ની સદર સવાલવાળી ફરીયાદ અરજી માહે ની બાબતો, સદર પ્રકાર ના કારણોસર ની હોય, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ના સદર જોડાણ નુ બીલીંગ, જે વાણીજય ટેરીફ હેઠળ આવરી લઈ, અને  વાણીજય ટેરીફ માટે મુકરર થયેલ, રાજય સરકાર શ્રી ના ૨૫% ના દર ના વીજકર હેઠળ, જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી થયેલ છે.

**૩.૩** આમ, મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે, તેમના નવા જોડાણ ની અરજી મા, જોડાણ નો મુખ્ય હેતુ અસ્પષ્ટ રાખેલ છે, અરજી સાથે જોડાણ ના હેતુ ને સમર્થન આપતુ, સરકાર શ્રી ની સબંધક કચેરી નુ પ્રમાણપત્ર પણ જોડેલ નથી. આવા કારણોસર, અરજદાર શ્રી નુ સદર જોડાણ જે ૨૦ કીવો  નુ, એટલેકે ૪૦ કીવો થી ઓછા વીજભાર વાળુ હોય, જેથી, એન.આર.જી.પી બીલીંગ ટેરીફ હેઠળ આવરી લઈ અને પીજીવીસીએલ તરફથી, રાજય સરકાર શ્રી ના ૨૫% ના દર ના વીજકર હેઠળ, જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી બીલીંગ  થયેલ છે.  જો તેમનુ સદર  જોડાણ ઉત્પાદકીય ઉર્દ્યોગ હેતુ વાળુ હોય, અને તે અન્વયે વીજકર ની ગણતરી ૧૦% ને બદલે ૨૫% મુજબ, પીજીવીસીએલ દ્વારા નિયમીત વીજબીલીંગ મારફત થતી હોય તો, અરજદારે એક જાગૃત ગ્રાહક તરીકે, તેઓ શ્રી નુ સદર જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ પછી તુરંત જ ના બીલીંગ બાદ, પીજીવીસીએલ ને લેખીત અરજી આપી અને સદર બાબતે પીજીવીસીએલ ધ્યાન દોરવાની બાબત, તેમજ સદર કર ની સબંધક એવી સરકાર શ્રી ની વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર સમક્ષ લેખીત અરજી આપવાની બાબત, અરજદાર માટે અત્યંત જરૂરી હોવા છતા, અરજદાર પક્ષકાર તરફથી, સદર બાબતે, અત્યંત વિલંબીત સમયગાળા, એટલેકે તા.૨૮–૧૨–૧૧ પછી ના સાડા ચાર વર્ષ બાદ,  તા.૦૩–૦૫–૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા, લેખીત અરજી સાથે જીલ્લા ઉર્દ્યોગ કેન્દ્ર– રાજકોટ નુ સર્ટીફીકેટ રજુ કરી, અને સદર બાબતે પીજીવીસીએલ નુ ધ્યાન દોરેલ છે. અને ત્યારબાદ હાલ ના તબ્બકે, તા.૧૩–૦૬–૧૬ ની સવાલવાળી અરજી ફોરમ સમક્ષ રજુ કરી, અને તેમના જોડાણ ના વીજકર  ના દર મા સુધારા બાબત, તેમજ અગાઉ વસુલ થયેલ વીજકર ની વધારાની રકમ પરત  મેળવવા માટે ની માંગણી, ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

વીજકર, એ રાજય સરકાર શ્રી નો કર છે. એટલેકે રાજય સરકાર શ્રી ની આવક છે. પીજીવીસીએલ નો કર નથી, તેમજ પીજીવીસીએલ ને આવક પણ નથી. પ્રવર્તમાન રહેલ '' The Bombay Electricity Duty Act - 1958 '' મા કરાયેલ જોગવાઈ મુજબ, રાજય સરકાર તરફથી, વીજજોડાણકારો ના જોડાણો ના, જુદા જુદા હેતુઓ માટે, જુદા જુદા દર ના વીજકર, જે સમયાંતરે અમલમા રહેતા હોય છે. સરકાર શ્રી તરફથી આ મુજબ ના,વીજજોડાણો ના જુદા જુદા હેતુ ઓ માટે ના, સમયાંતરે ના જુદા જુદા દર ના વીજકર, જે વીજકંપની ના વીજબીલ મારફત, સરકાર શ્રી વતી, વીજકંપની મારફત વસુલ કરી, અને સરકાર શ્રી ની સબંધક કચેરી મા, પ્રતિમાસ / સમયાંતરે જમા કરવા સબબ ના, વારંવાર ના પરીપત્રો, જે સરકાર શ્રી ની સબંધક વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર તરફથી, વીજકંપની ની કચેરીને આપવામા આવતા હોય છે. અને સદર પત્રો ના હુકમ ની અમલવારી, વીજકંપની તરફથી કરવામા આવતી હોય છે. પરંતુ, સદર કેઈસમા, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ અરજી મા, જોડાણ નો હેતુ સ્પષ્ટ કરાયેલ ન હતો. જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ થી આજ સુધી ના સમયગાળા સુધી, અરજદાર તરફથી સરકાર શ્રી ની વીજકર કચેરી ના સમાહર્તા ને પણ સદર ફરીયાદ ના વિષય સબંધક લેખીત જાણકારી આપવામા આવેલ ન હતી. જોડાણ ચાલુ તા.૨૮–૧૨–૧૧ પછી થી, અરજદાર શ્રી એ સદર વિષય સબંધક, વીજકંપની ની સબંધક એવી ટંકારા પેટા વિભાગીય કચેરી ને, તા.૦૩–૦૫–૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક ટંકારા પેટા વિભાગીય કચેરી મા, લેખીત અરજી સાથે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર– રાજકોટ નુ સર્ટીફીકેટ રજુ કરી, અને સદર બાબતે પીજીવીસીએલ નુ ધ્યાન દોરેલ છે. જેથી, સદર કેઈસ મા, સદર વીજકર સબંધક બાબત, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ, સરકાર શ્રી ની વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર ના, પ્રવર્તમાન પરીપત્ર મા અમલ મા રહેલ વીજકર ના દર ને, જે સરકાર શ્રી પ્રારીત કાયદાકીય અન્વયે ના હુકમીત બાબત ગણી, અને તે અન્વયે, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૦૩–૦૫–૧૬ ને અસરકર્તા ગણીને, સદર જોડાણ મા વીજકર ના દર ની આકારણી ને સુધારણા ના ભાગરૂપ આવરી લઈ, અને ત્યારબાદ ના તુરંત જ ના માસ, એટલેકે જુન–૨૦૧૬ થી, અરજદાર શ્રી ના જોડાણ મા વીજકર નો દર ૨૫% ને બદલે, ૧૦ % મુજબ ગણતરી મા લઈ શકાય. જેથી, પીજીવીસીએલ ને, સદર કેઈસ મા, અરજદાર ના જોડાણ પર નો, વીજબીલીંગ મારફત વસુલ થતો, વીજકર નો દર, ૨૫% ને બદલે ૧૦% મુજબ નો કરવા આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**૩.૫** જયારે, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની અન્ય માંગણી – જે તેમનુ જોડાણ ચાલુ થયા તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી, વીજકર ની વસુલાત નો દર વાણીજય ટેરીફ અન્વયે ના ૨૫% ના દર ને બદલે, ઓદ્યોગીક ટેરીફ મુજબ ના ૧૦% ની ગણતરીએ નો કરી , અને તે ગણતરી મુજબ, તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી ના સમયગાળા દરમ્યાન, વધુ વસુલ થયેલ વીજકર ના દર ની રકમ, જે અરજદાર શ્રી ને પરત આપવા બાબતે ની છે – તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી ના સમયગાળા ની વીજકર ની રકમ પીજીવીસીએલ દ્વારા સરકાર શ્રી મા જમા કરાયેલ છે. સરકાર શ્રી મા જમા થયેલ, સદર રકમ સરકાર શ્રી ની આવક ના ભાગરૂપ છે. સદર સમયગાળા ની, વધારા ના વીજકર ની જે રકમ સરકાર શ્રી મા જમા થયેલ છે, તે રકમ અરજદાર શ્રી ને પરત આપવા માટે, માત્ર સરકાર શ્રી ના વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર સક્ષમ છે. જેથી, સદર રકમ પરત મેળવવા માટે, જો ફરીયાદી અરજદાર તરફથી, સદર રકમ પરત મેળવવા માટે, સરકાર શ્રી ની વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર સમક્ષ, લેખીત અરજી રજુ કરી, અને તે અન્વયે, સરકાર શ્રી ની વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર દ્વારા, સદર – તા.૨૮–૧૨–૧૧ થી આજદિન સુધી ના સમયગાળા દરમ્યાન ની, વધુ વસુલ થયેલ વીજકર ના દર ની રકમ પરત આપવા માટે નો હુકમ, જો પીજીવીસીએલ પક્ષકાર ને થશે, તો પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સરકાર શ્રી ની વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર અન્વયે, હુકમીત થયેલ સમયગાળા ની, હુકમીત થયેલ રકમ, અરજદાર શ્રી ને પરત આપવા / તેમના જોડાણ ના બીલીંગ ખાતામા જમા કરવા બાબતે ની, પીજીવીસીએલ તરફથી કાર્યવાહી હાથ ધરવામા આવશે.

મુદ્દા નં.-૪ : **હુકમ**

| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ અને ૩.૫ મુજબ ની વિગતે હુકમ કરાયેલ છે. |
|---|---|

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..